# બહેન એટલે અડધી મા

શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ મેળવવાની ચોક્કસ ઉંમર હોઇ શકે નહી, શિક્ષણ એ તો આજીવન ચાલતી પ્રક્રિયા છે. સાથે એવું પણ સ્વીકારવું પડશે કે શિક્ષણ માત્ર શાળામાંથી જ મળતું નથી. શાળા સિવાય ઘર, સમાજ, અરે! ગમે ત્યાંથી મળે છે. શિક્ષણ જો માત્ર શાળામાંથી જ મળતું હોત તો આજે ઘણાં વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થયો જ નહોત. શિક્ષણનું કાર્ય બાળકમાં સંસ્કાર-મૂલ્યો વિકસાવવાનું છે. મૂલ્યોના અનેક પ્રકાર છે. જેમાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોનો પણ સમાવેશ કરીશું. આ સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો વિકસાવવાનું કાર્ય સમાજના તમામ અંગોએ સાથે મળીને કરવાનું છે. વ્યકિતના શિક્ષણની શરૂઆત ઘરમાંથી જ થાય છે. ઘરના વાતાવરણ અને સભ્યો પાસેથી બાળક ઘણાં ઘણાં સંસ્કાર-મૂલ્યો મેળવે છે. સંસ્કાર-મૂલ્યો એ પણ શિક્ષણ જ છે. જે આપવાની જવાબદારી શાળા, ઘર અને સમાજની છે. જેમાં પણ ઘરની વાત કરીએ તો બાળક ઘરના તમામ સભ્યો પાસેથી સંસ્કાર-મૂલ્યો મેળવે છે. જેમાંથી બહેન એક એવું પાત્ર છે કે, જેની ભૂમિકા પોતાના ભાઈ માટે મહત્ત્વની સાબિત થાય છે.

બહેનની ઘરની ભૂમિકાને કારણે તેનું સ્થાન વિશિષ્ટ અંકાય છે. ઘરમાં તેનું સ્થાન સર્વોપરી સાબિત થઇ રહ્યું છે. જેની પાછળનું મુખ્ય કારણ તે ઘરમાં અનેક પ્રકારની ભૂમિકા ભજવી જાણે છે. ઘરમાં મમ્મી-પપ્પાને સ્પષ્ટ સંભળાવી દેવાની વાત હોય કે સાંત્વતન આપવાની વાત હોય તો તે ભૂમિકા ઘરની દીકરી જ અદા કરે છે. ઘરમાં પડેલા મતભેદમાં પણ ઘરની દીકરી સુવોમોટો વાપરી શકે છે. આખરી નિર્ણય આપી શકે છે. જેનો અમલ પ્રેમ કે દાદાગીરીથી પણ કરાવી શકે છે. આમ છતાં આ જ દીકરી પોતાના ભાઈ માટે પક્ષપાત પણ કરે છે. પપ્પા ખોટા હોય કે મમ્મી ખોટી હોય તો તેમને ધમકાવનાર આ દીકરી પોતાના ભાઇનો સતત બચાવ કરતી હોય છે. બજારમાં પોતાના માટે ખરીદી કરવા નીકળેલી બહેન ઘેર આવીને ભાઇને જણાવશે કે આ જગ્યાએ તારા માટે પેલી વસ્તુ ખુબ જ સરસ છે. હું જોઇને આવી છું, તું લઇ આવજે. ભાઇ પૈસાની વાત કરે તો પોતાના ખર્ચમાંથી કાપ કરીને પણ ભાઇને જે તે વસ્તુ લાવી આપશે. પોતે અગવડતા વેઠીને પણ પોતાના ભાઇને સગવડતા કરી આપતી આ બહેન હંમેશને માટે ભાઇના પ્રેમ માટે સતત ઝંખના કરતી હોય છે. ભાઇ-બહેન વચ્ચેના ઝગડાના અંતે ભાઇનો જ વિજય થતો હોય છે. જેની પાછળનું કારણ ભાઇની શક્તિ, સચ્ચાઇ કે હોંશિયારીને કારણે નહીં, પણ બહેનની જતું કરવાની ભાવના અને ભાઇ પ્રત્યેના પ્રેમને કારણે.

ઘરમાં કઇ રસોઉ કરવી એ નક્કી કરતી દીકરી પોતાના ભાઇ કે પપ્પાની પસંદગીની વસ્તુને જ પ્રાધાન્ય આપે છે. મમ્મી-પપ્પાના રોષથી ભાઇને બચાવનારી આ બહેન ભાઇને મીઠો ઠપકો પણ આપીને સમજાવે છે. મા ઘરમાં ન હોય ત્યારે મા બની જતી આ દીકરીના શિરે બેવડી ભૂમિકા આવી પડે છે. ત્યારે પણ પોતે સહન કરીને ભાઇ અને પપ્પાને સાચવી જાણે છે. પોતાના ભાઇ માટે

અજુગતું બોલનાર પ્રત્યે બહેન ક્યારેય રહેમ કરતી નથી. આમ જોતાં બહેન ભાઇ માટે અડધી મા બની ગઇ છે.

અડધી મા બનનારી આ બહેન પાસેથી ઘરમાંથી અનાયાશે મૂલ્યો રૂપે ઘણું ઘણું શિક્ષણ મળે છે. આ મૂલ્યો ખાસ કરીને ભારતીય સંસ્કૃતિમાં જ મોટાભાગે દેખાય છે. આ મૂલ્યો-સંસ્કાર એ ભારતીય સંસ્કૃતિને એક બેનની દેન ગણાવી શકાય. જે અન્ય સંસ્કૃતિમાં જોવા નહીં મળે. જેને બહેને ક્યારેય ઉપકાર તરીકે ગણાવ્યાં નથી, તે તો માત્ર પોતાની ફરજ સમજીને જ વર્તન કરે જાય છે. આ બહેનના વર્તનને જો આંખ અને કાન ખુલ્લા રાખીને અનુભવવામાં આવે તો શિક્ષણની પ્રક્રિયા સતત ચાલતી નજરે પડશે. સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો બહેનના વર્તનને કારણે સારી રીતે સચવાયેલાં છે. દરેક ભાઇએ અડધી મા ગણાતી પોતાની બહેન પાસેથી સંસ્કાર-મૂલ્યો મેળવવાના છે. આ માટે કોઇ મંદિર કે ચર્ચમાં જવાની જરૂર નથી કે નથી કોઇ મૂલ્યલક્ષી પુસ્તક વાંચવાની. શિક્ષણનું કાર્ય જે તે સંસ્કૃતિના મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું છે. સંસ્કાર-મૂલ્યો કે સંસ્કૃતિને સાચવવાની, ઉછેરવાની જવાબદારી નિભાવતી ભારતીય દીકરી અડધી મા બનીને બહેન રૂપે પોતાની ભૂમિકા ભજવતાં ભજવતાં અનયાશે એક શિક્ષક પણ બની જાય છે. ત્યારે શિક્ષણ પ્રક્રિયામાં જેટલું માનપાન શિક્ષકને આપવામાં આવે છે તેટલાં જ માનપાનની હક્કદાર ભારતીય કુટુંબની બહેન પણ છે. કારણકે, ઘરમાં પોતાની વિશિષ્ટ ભૂમિકા ભજવીને સંસ્કાર-મૂલ્યોનું સિંચન તે કરે છે. ક્યારેક તો અક્ષરજ્ઞાન ન ધરાવતી અભણ બહેન પણ પીએચ.ડી. થયેલા શિક્ષક કે અધ્યાપક કરતાં વધારે સારી રીતે આ ફરજ બજાવે છે. માટે જ સૌ શિક્ષણપ્રેમીઓએ બહેનની ભૂમિકાને સન્માનવી જોઇએ. આ અડધી મા અડધી રાત સુધી જાગીને, પોતાની કાયાને અડધી કરીને પણ પોતાની ભૂમિકામાં ઉણી ઉતરતી નથી. તેવી ભારતીય દીકરી, ભાઇની અડધી માને સો સો સલામ.

સામાજિક રીતે બહેનની ભૂમિકાને આપણે સૌએ અનેક વાર વખાણી છે અને સ્વીકારી છે. પણ તેની તે ભૂમિકા શિક્ષણક્ષેત્રે કેટલી મદદરૂપ થાય છે તે તરફ આપણી દૃષ્ટિ ખૂબ જ ઓછા પ્રમાણમાં ગઇ છે. તે પ્રત્યે વિચારીને બહેનની ભૂમિકાને સન્માનવી તે આપણ સૌ ભારતીયની ફરજ થઇ પડે છે. શિક્ષણને ચાર દીવાલની બહાર કાઢીને જોઇશું તો ખ્યાલ આવશે કે પરિપકવતાની ઉંમરે પણ નહીં પહોંચેલી એક દીકરી શિક્ષણક્ષેત્રે અનાયાશે કેટલી મોટી જવાબદારી નિભાવે છે! તેમાં પણ સામાન્ય ગણાતાં કુટુંબની દીકરીની ભૂમિકા અસામાન્ય જોવા મળે છે. તે માટે માત્ર ભાઇ જ નહીં પણ સાથે શિક્ષણ જગત આ બહેનોનું કાયમી ઋણી રહેશે. આ અડધી મા જ આપણા સૌ માટે પૂરા ગૌરવની વાત છે.